**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૨.૦° સે. |
| વલસાડ | ૩૫.૦° સે. | ૨૬.૦° સે. |
| વાપી | ૩૫.૦° સે. | ૨૬.૦° સે. |

8-8 બેઠક સાથે ટાઇ પડતા જ 'હોર્સ ટ્રેડિંગ' કે તોડજોડની આશંકાએ બંને પક્ષો સતર્ક થઇ ગયા

# વઘઇ તા.પં.માં સત્તા માટે ખેંચતાણ

**કોંગ્રેસે** પોતાના તમામ ૮ વિજેતા સદસ્યોને 'ભૂગર્ભ'માં ઉતારી દીધા

**ભાજપના** ૮ વિજેતા સદસ્યો પણ હાલમાં કોઈના સંપર્કમાં ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે




સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઇ તાલુકા પંચાયતમાં સત્તાનું સમીકરણ ભારે રસાકસીભર્યું બન્યું છે. વઘઇ તાલુકા પંચાયતની કુલ 16 બેઠકોના પરિણામો જાહેર થતા ભાજપને 8 અને કોંગ્રેસને 8 બેઠકો મળી છે, જેના કારણે અહીં સત્તા માટે 'ટાઈ'ની સ્થિતિ સર્જાઈ છે. આ પરિણામોએ બંને પક્ષોની ઉંઘ હરામ કરી દીધી છે અને હવે સત્તાના સૂત્રો કોણ સંભાળશે તે માટે જોરદાર ખેંચતાણ શરૂ થઈ છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વઘઈમાં ટાઈ પડતા જ 'હોર્સ ટ્રેડિંગ' કે તોડજોડની આશંકાએ બંને પક્ષો સતર્ક થઈ ગયા છે. કોંગ્રેસે પોતાના તમામ ૮ વિજેતા સદસ્યોને સુરક્ષિત સ્થળે ખસેડીને 'ભૂગર્ભ'માં ઉતારી દીધા હોવાનું જાણવા મળે છે. ડાંગ જિલ્લા કોંગ્રેસના ચાણક્ય ગણાતા મંગળ ગાવિતે મોરચો સંભાળ્યો છે અને વિજેતા સદસ્યોના મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ કરાવી દીધા છે જેથી કોઈ સંપર્ક ન કરી શકે. સૂત્રો એમ પણ જણાવી રહ્યા છે કે પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિત અને ડાંગ કૉંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરેનાં સંપર્કમાં ભાજપના બે સદસ્યો છે, જેને કારણે કોંગ્રેસ પોતાની સરકાર બનાવવાનો આશાવાદ સેવી રહી છે. બીજી તરફ, ભાજપ પણ પાછળ નથી. ભાજપના ૮ વિજેતા સદસ્યો પણ હાલમાં કોઈના સંપર્કમાં ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ કિશોર ગાવીતે જણાવ્યુ હતુ કે, વઘઇ તાલુકા પંચાયતનું પરિણામ અમારા માટે ચિંતનનો વિષય છે. ૮-૮ સીટો થતા ટાઈ પડી છે, અમારા પ્રતિનિધિઓ ક્યાંય ભૂગર્ભમાં ગયા નથી, તેઓ પોતપોતાના ઘરે જ છે. કોંગ્રેસ ભલે પોતાના સદસ્યોને લઈ ગઈ હોય, પણ ભાજપના ઉમેદવારો અમારી સાથે જ છે.

ડાંગ જિલ્લા નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને વઘઈનાં ચૂંટણી અધિકારી એચ.બી.પટેલનાં જણાવ્યા અનુસાર, પરિણામોમાં ટાઈ પડી હોવાથી સમગ્ર અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપવામાં આવ્યો છે. ચૂંટણી આયોગ દ્વારા આગામી સમયમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટેની તારીખ જાહેર કરવામાં આવશે. નિયમ મુજબ, બેઠકના એક દિવસ પહેલા ફોર્મ ભરવાના રહેશે. જો ફોર્મ ભર્યા બાદ મતદાનમાં પણ બંને પક્ષોને સરખા મત મળે, તો પંચાયત ધારા મુજબ ચિઠ્ઠી ઉછાળીને (લકી ડ્રૉ દ્વારા) પ્રમુખ,ઉપપ્રમુખ નક્કી કરવામાં આવશે.

## આહવા તા.પં.માં કોંગ્રેસની બહુમતી છતાં સમીકરણો ગૂંચવાયા

આહવા તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતી હોવા છતાં પણ સમીકરણો ગૂંચવાયા હોવાનું જાણવા મળી રહ્યુ છે. આહવા તાલુકા પંચાયતના પ્રારંભિક પરિણામોમાં કોંગ્રેસે 9 બેઠકો સાથે બહુમતી તરફ પગલુ ભર્યું હતું, જ્યારે ભાજપને 7 બેઠકો મળી હતી. જોકે, પરિણામ બાદ ઘટેલી ઘટનાઓએ આ સમીકરણને વધુ જટિલ બનાવી દીધું છે. સુત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસના માજી ધારાસભ્ય મંગળ ગાવિત દ્વારા પોતાના પક્ષના જીતેલા ઉમેદવારને બદલે તેના સસરાને તાબામાં લેવાના પગલા અને તેના જવાબમાં ભાજપનાં સાંસદ દ્વારા ઉમેદવારને પોતાના સંપર્કમાં લેવાના પ્રયાસો રાજકીય ચર્ચાનો વિષય બન્યા છે. ખાસ કરીને આહવા તાલુકાની એક બેઠકના કોંગ્રેસ ઉમેદવાર અંગે ઉઠેલા આક્ષેપો કે તેમને ભાજપ દ્વારા અજ્ઞાત સ્થળે લઈ જવાયા એ પરિસ્થિતિને વધુ સંવેદનશીલ બનાવી છે. આ ઘટનાને કારણે હવે કોંગ્રેસ પાસે આહવામાં અસરકારક રીતે 8 સભ્યો જ રહી જવાના દાવા થઈ રહ્યા છે, જેના કારણે અહીં પણ ટાઈની સ્થિતિ સર્જાવાની શક્યતા છે.



ભૂમિકા પટેલ | કવિતા દુધૈયા | દક્ષા પટેલ | મિત્તલ નંદાણીયા | જેતલ પટેલ | પ્રિયંકા કહાર

# વાપીના પહેલા મેયર આ છ મહિલા કોર્પોરેટરમાંથી કોઇ એક બનશે

**ભાજપે** વાપી મનપામાં સ્પષ્ટ બહુમત મેળવ્યા બાદ પહેલા મેયરને લઇને ચર્ચાએ જોર પકડ્યું

વાપી : વાપી મનપાની પહેલી ચૂંટણીમાં ભાજપે જીત મેળવીને સ્પષ્ટ બહુમત મેળવી લીધો છે. જોકે હવે મનપાના પહેલા મેયર કોણ બને છે તેની ચર્ચા ચાલી રહી છે. આ ચૂંટણીમાં સાત વોર્ડમાં એક-એક બેઠક પછાતવર્ગ સ્ત્રી માટે અનામત હતી તે પૈકી પાંચ બેઠક ઉપર ભાજપના પછાતવર્ગ સ્ત્રીના ઉમેદવાર જીત્યા છે. જ્યારે બે બેઠક ઉપર કોંગ્રેસના પછાતવર્ગ સ્ત્રીના ઉમેદવાર જીત્યા છે. વોર્ડ નં.૧૧ ઉપર પછાતવર્ગના ભાજપના ઉમેદવાર હાર્યા પછી સામાન્ય સ્ત્રી બેઠક ઉપર જીતેલા જાહેર કર્યા છે. તે પણ પછાતવર્ગ સ્ત્રીની મેયરની પસંદગીમાં ઉતરી શકે છે. આમ હવે છ મહિલા કોર્પોરેટરમાં કોણ મેયર બને છે તે જોવું રસપ્રદ રહેશે. વાપી મનપામાં ભાજપના 37 ઉમેદવાર જીત્યા છે. એક બિનહરીફ સાથે. જ્યારે કોંગ્રેસના 11 અને એએસપીના 4 ઉમેદવાર જીત્યા છે. આમ 52 કોર્પોરેટરની પહેલી સભા મળશે તે ઐતિહાસિક હશે. વાપી મનપામાં પહેલા મેયર માટે ભાજપ કોની પસંદગી કરે છે તે જોવું રહ્યું. હમણાં તો આ છ ચહેરાઓ જેમાં વોર્ડ નં.૧ ઉપર પછાત વર્ગ સ્ત્રી બેઠક ઉપર જીતેલા વટારના ભૂમિકા પટેલ, વોર્ડ નં.૪ કોળીવાડના દક્ષાબેન પટેલ, વોર્ડ નં.૫માં રાજમોતી-૧ છરવાડાના કવિતા દુધૈયા, વોર્ડ નં.૮ કચીગામ રોડ વાપીના પ્રિયંકા કહાર, વોર્ડ નં.૬ ચલા મેઈન રોડના મિત્તલ નંદાણીયા તથા સામાન્ય સ્ત્રી બેઠક ઉપર વોર્ડ નં.૧૧માં જીતેલા જેતલ પટેલ પૈકી કોઈ એક મેયર બનશે. કોંગ્રેસના બે ઉમેદવાર જીત્યા છે જેમાં વોર્ડનં.૧૦માં સ્મિતાબેન રાકેશકુમાર પટેલ તથા વોર્ડ નં.૧૧માં નસરીનબેન પાનવાલાનો સમાવેશ થાય છે. પરંતુ કોંગ્રેસ અહીં વિપક્ષની ભૂમિકામાં છે તેથી કોર્પોરેટર તરીકે લોકોના પ્રશ્નો માટે કોંગ્રેસે સજાગ રહેવું પડશે.

## તપતા ઉનાળાનો 'ગોલ્ડન શાવર' એટલે ગરમાળો




બીલીમોરા : ગણદેવી તાલુકાના નાંદરખા ગામે વીરમાતા મંદિર લગોલગ અને ગૌહરબાગના ગૌરવપથ પર સોમનાથ હોસ્પિટલ નજીક વિશાળ ગરમાળો વૃક્ષ સોનેરી પીળા ફૂલોથી ઢંકાઈ જતા લોકઆકર્ષણનું કેન્દ્ર બની ગયા છે. ઉનાળાની ઋતુમાં કુદરતનું આ અનોખું સૌંદર્ય લોકોને ખુશ કરી રહ્યું છે. દરેક ઋતુનું પોતાનું આગવું સૌંદર્ય હોય છે, પરંતુ ઉનાળામાં ગરમાળો તેની સંપૂર્ણ ભવ્યતા સાથે ખીલે છે. છેલ્લા એક સપ્તાહથી નાંદરખા અને ગૌહરબાગ ખાતે પાંચાલ સમાજ વાડી નજીક આ વૃક્ષ હજારો પીળા ફૂલોના ગુચ્છોથી લથબથ થઈ અદભુત દ્રશ્ય સર્જી રહ્યું છે. લીલાછમ પાંદડાઓની જગ્યાએ ફૂલોથી છલકાતું આ વૃક્ષ જાણે સોનેરી ચાદર ઓઢી ઉભું હોય તેવું લાગે છે. ગરમાળો તેના તેજસ્વી સુવર્ણ રંગને કારણે 'રાજવી વૃક્ષ' તરીકે પણ ઓળખાય છે. લગભગ ત્રીસ ફૂટ ઊંચું આ વૃક્ષ સિમેન્ટ-કોંક્રીટના જંગલ વચ્ચે કુદરતનો જીવંત અહેસાસ કરાવે છે. બપોરના તડકામાં પણ તેની છાંયડામાં શીતળતા અનુભવે છે, જ્યારે રાત્રે સ્ટ્રીટલાઇટના અજવાળે તે ઝગમગતા ઝુમ્મર જેવી છટા ફેલાવે છે.

# કપરાડા-નાનાપોંઢામાં પક્ષ વિરોધી કાર્ય કરનારાઓ સામે પગલાની શક્યતા

**બંને** તાલુકા પંચાયતોમાં પ્રમુખ પદ માટે પ્રદેશ કક્ષાએથી નિર્ણય : ધારાસભ્ય

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કપરાડા અને નવનિર્મિત નાનાપોંઢા તાલુકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. ત્યારે કપરાડા તાલુકા વિજેતા ઉમેદવારો અને સમર્થકોએ ધારાસભ્યની કાકડકોપર નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. ત્યારે અનેક કાર્યકરોએ વિવિધ ફરિયાદો કરી હતી. બીજી તરફ સિલધા જિ. પં.બેઠક સહિત કેટલીક બેઠકો ઉપર થયેલા ઉમેદવારોના નજીવા મતે થયેલા પરાજય માટે ભાજપના જ કેટલાક આગેવાનો અને કાર્યકરો દ્વારા કરાયેલા ભાજપ વિરોધી કામ સંદર્ભે ભાજપ વર્તુળમાં જોરશોરથી ચર્ચાઓ ઉઠી રહી છે. ભાજપના સનિષ્ઠ કાર્યકરોએ વિશેષ કરી રાજકારણમાં હલચલ મચાવી દેનારી સિલધા જિલ્લા પંચાયત બેઠકની ભાજપની હાર પાછળ કેટલાક આગેવાનો કાર્યકરોએ ભાગ ભજવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે આવનારા સમયમાં પક્ષ વિરોધી કાર્ય બદલ જવાબદારો સામે કાર્યવાહી કરાય તેવું સનિષ્ઠ કાર્યકરો માંગણી કરી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા તાલુકામાં ભાજપે તા. પં.ની 18 બેઠકો જીતી તાલુકા પંચાયત ફરી કબજે કરી હતી, અને જિલ્લા પંચાયતની 5 પૈકી 4 બેઠકો ઉપર વિજય મેળવ્યો હતો. જોકે અત્યંત મહત્વની સિલધા જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અને તાલુકા પંચાયતના માજી પ્રમુખ હીરાબેન માહલા ચૂંટણી હારી ગયા હતાં.

તો નાનાપોંઢા તાલુકામાં પણ લવાછા અને ચર્ચાસ્પદ સુખાલા બેઠક કોંગ્રેસે કબ્જે કરી હતી. જ્યારે તાલુકો પંચાયતની 18 અને જિલ્લા પંચાયતની તમામ 4 બેઠકો ભાજપે કબજે કરી હતી.




**ક્રોસ વોટિંગને લઈ ભાજપે બેઠક ગુમાવી**

ધારાસભ્ય જીતુ ચૌધરીએ જણાવ્યું કે, સિલધા જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપના જ કેટલાક આગેવાનો, કાર્યકરો દ્વારા ચૂંટણીપ્રચાર દરમિયાન પક્ષ વિરોધી કરાતી કામગીરી ધ્યાને આવી હતી. જે મુદ્દે જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા અને પ્રભારી વિનયભાઈ શુક્લાને જાણ કરી હતી. સિલધા બેઠક ઉપર કોંગ્રેસે નહી પરંતુ ભાજપના જ કેટલાક અસંતુષ્ટો દ્વારા કરાયેલા ક્રોસ વોટિંગને લઈ ભાજપે ગુમાવી હોવાનું જણાવ્યું હતું.

# નાનાપોંઢા તાલુકાના 1683 મતદારને કોઇ ઉમેદવાર પસંદ નહીં

**નોટાનો** વિકલ્પ પસંદ કર્યો, માંડવા બેઠક ઉપર નોટાને મળેલા 291 મતે સમીકરણ બદલી નાખ્યું

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામો જાહેર થઈ ગયા છે. જોકે બીજી તરફ મતદારોએ પણ પોતાને કોઈપણ ઉમેદવાર ન ગમતા નોટાનો વિકલ્પ પસંદ કર્યો છે. નાનાપોંઢા તાલુકા પંચાયત બેઠક ઉપર 1683 મત નોટામાં પડ્યા હતાં. જોકે તાલુકાની માંડવા તાલુકો પંચાયત બેઠક ઉપર ઊભેલા એક ઉમેદવારને 1952 અને બીજા ઉમેદવારને 1981 મત મળ્યા હતાં. આમ આ બેઠક ઉપર તાલુકામાં સૌથી વધુ 191 મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો હતો. નોટાને મળેલા આ મતે ઉમેદવારોના સમીકરણને બગાડી નાખ્યું છે. તાલુકામાં કુલ 102706 મતદારો પૈકી 86846 મતદારોએ મતદાન કર્યું હતું. જે પૈકી 1683 મતદારોને કોઈપણ ઉમેદવાર પસંદ ન આવતા નોટાના વિકલ્પ પસંદ કર્યો હતો.





**સૌથી વધુ નોટા મત**

| બેઠક | મત |
|---|---|
| માંડવા | 191 |
| જીરવલ | 156 |
| ઓઝર | 123 |
| અરનાઇ | 109 |
| કાકડકોપર | 95 |
| રાતા | 93 |
| મોટાપોંઢા | 91 |

# ભુરાભાઈ શાહના નેતૃત્વમાં નવસારીમાં ભાજપનો દબદબો

**સંગઠનને** બૂથ લેવલ સુધી મજબૂત બનાવવાની તેમની વ્યૂહરચના અને કાર્યકર્તાઓ સાથેનો સતત સંપર્ક ભાજપ માટે નિર્ણાયક સાબિત થયો



નવસારી : નવસારી જિલ્લામાં તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજય પાછળ જિલ્લા પ્રમુખ ભુરાભાઈ શાહનું સશક્ત નેતૃત્વ કેન્દ્રસ્થાને રહ્યું છે. સંગઠનને બૂથ લેવલ સુધી મજબૂત બનાવવાની તેમની વ્યૂહરચના અને કાર્યકર્તાઓ સાથેનો સતત સંપર્ક ભાજપ માટે નિર્ણાયક સાબિત થયો છે.

ચૂંટણી પહેલાં જ ભુરાભાઈ શાહે સમગ્ર જિલ્લામાં કાર્યકર્તાઓને સક્રિય કરી દીધા હતા. પેજ પ્રમુખથી લઈને બૂથ પ્રમુખ સુધી જવાબદારીનું સ્પષ્ટ વિતરણ કરવામાં આવ્યું, જેના કારણે દરેક વિસ્તારમાં સંગઠન જીવંત બન્યું. તેમના માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓએ ઘર-ઘર જઈને મતદારો સાથે સીધો સંપર્ક સાધ્યો અને સરકારની યોજનાઓ વિશે માહિતી આપી, જેના કારણે મતદારોમાં વિશ્વાસ વધ્યો.

ચૂંટણીના પરિણામોમાં આ મહેનત સ્પષ્ટ રીતે દેખાઈ. ભાજપે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સહિતના તમામ સ્તરે દબદબો જમાવ્યો. આ જીત માત્ર આંકડાઓ નહીં, પરંતુ મજબૂત સંગઠનશક્તિ અને સુવ્યવસ્થિત આયોજનનું પ્રતિબિંબ છે. ભુરાભાઈ શાહની કાર્યશૈલી શાંત પરંતુ અસરકારક માનવામાં આવે છે. તેઓ ટીમ સાથે સંકલન રાખીને આગળ વધે છે અને દરેક કાર્યકર્તાને મહત્વ આપે છે. રાજકીય વર્તુળોમાં માનવામાં આવે છે કે તેમની આગેવાની હેઠળ ભાજપે નવસારીમાં પોતાની પકડ વધુ મજબૂત બનાવી છે.

વિજય બાદ ભુરાભાઈ શાહે કાર્યકર્તાઓનો આભાર માનતા જણાવ્યું કે આ સફળતા જનતાના આશીર્વાદ અને કાર્યકર્તાઓની નિષ્ઠાનું પરિણામ છે. સાથે જ તેમણે આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવી વિકાસના કાર્યોને વધુ ગતિ આપવા સંકલ્પ વ્યક્ત કર્યો છે.




# નવસારીમાં ભાજપની ભવ્ય રેલીથી શહેર બન્યું કેસરીયું

નવસારી : નવસારી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવ્યા બાદ ભાજપે ભવ્ય વિજય રેલી યોજી હતી. રેલીની શરૂઆત જલાલપોર વિસ્તારના લીમડાચોકથી કરવામાં આવી હતી. ઢોલ-નગારા અને જયઘોષ વચ્ચે નીકળેલી રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. ઠેર-ઠેર લોકોએ પુષ્પવર્ષા કરીને નવા ચૂંટાયેલા નગરસેવકોનું સ્વાગત કર્યું. વિજેતા ઉમેદવારો અને આગેવાનો દ્વારા મતદારોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર રેલી દરમિયાન ભાજપના કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ઇ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૯/૨૬-૨૭ | સ.વ. પટેલ પ્લેનેટોરીયમ | ૦૧ | ૨૨,૪૮,૫૪,૫૦૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૧/૨૦૨૬-૨૭ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : વેલંજા શાખા (ડી નં. ૮૯૫૪૦૦): ૧૫૧-૧૫૧એ, નવા ફળિયા, વેલંજા-૩૯૪૧૫૦.(ફોન : ૬૩૫૯૯૦૬૪૦૯)

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રીમતી સંધ્યાદેવી ધનજી શર્મા (દેવાદાર અને ગીરવેદાર ) સરનામું : ૬૪, ભકિત નગર-૨, ગોળાદરા નહેર રોડ,હનુમાન જી મંદિર ની પાછળ, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦ અને પ્લોટ નં. ૪૦૮, આર્યા રેસીડન્સી, કારેલી મોતા રોડ, કારેલી, પલસાણા,સુરત ગુજરાત-૩૯૪૩૧૦** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે..તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી સંધ્યાદેવી ધનજી શર્મા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આર્યા રેસીડન્સી નામની સોસાયટી નો પ્લોટ નં. ૪૦૮ (કેજેપી મુજબ બ્લોક / પ્લોટ નં. ૮૨/૪૦૮) પ્લોટ નું માપ આશરે ૪૮.૦૦ ચો.વાર એટલેકે ૪૦.૧૮ ચો.મીટર + કોમન રોડ અને સીઓપી ની જમીન ના વણવહેચાયેલ મિલકત ના હિસ્સા ૨૩.૫૦ ચો.મી સહિત કારેલી પલસાણા ખાતે રેવન્યુ સર્વે નં. ૫૫ બ્લોક નં. ૮૨ ના જમીન માપ ૩૮૦૫૩ .૦૦ ચો.મી ખાતે આવેલ છે. જેની ચર્તુદિશાઃ પુર્વ : જોડે નો પ્લોટ નં. ૪૧૫, પશ્ચિમ : જોડેનો સોસાયટી આતંરીક રોડ, ઉત્તર : જોડે નો પ્લોટ નં. ૪૦૭, દક્ષીણ : જોડેનો પ્લોટ નં. ૪૦૯. | ૧૭.૦૪.૨૦૨૬ | ૩૦.૦૩.૨૦૨૬ | રૂ. ૯,૩૭,૫૫૨.૯૧ |

ઉપરોકત દેવાદારને જણાવવામાં આવે છે કે આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારોનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૩૦.૦૪.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

HDFC BANK — **એચડીએફસી બેન્ક લિમિટેડ** — **પઝેશન નોટિસ**

બ્રાન્ચ સરનામું: ૨૦૧ - ૨૦૪, રિદ્ધી શોપર્સ, ઇમ્પીરીયલ સ્કવેર સામે, અડાજણ - હજીરા રોડ, સુરત - ૩૯૫૦૦૯.

**એચડીએફસી બેન્ક લિમિટેડ**ના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) **(એચડીએફસી)** અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વાંચતા સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂા. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી કૌશિક કે. રાઠોડ (બોરોઅર) ૨૧૨૮૩૧ - ૬૧૮૨૭૮૬૬૭, ૬૧૮૭૦૦૨૧૬ | રૂા.૭,૧૬,૨૪૬/- અને રૂા. ૨૦,૨૭૯/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ* | ૨ ફેબ્રુ., ૨૦૨૬ | ૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક | ફ્લેટ - ૧૦૫, પહેલો માળ, કોસ્મો સિટી - ડી-૧ (પ્લુટો) (ડી-ટાઇપ), સ. નં. ૫૩૭ અને ૫૩૮, ભોજરાજ આઇ હોસ્પિટલની આગળ, આલોક ઇન્ડસ્ટ્રીઝ લિ. નજીક, સાયલી, સિલ્વાસા-૩૯૬૨૩૦. |
| ૨ | શ્રી અભિષેક કુમાર સિંઘ (બોરોઅર) શ્રીમતી પમ્મી કુમારી (કો-બોરોઅર) ૨૧૧૪૮૮ - ૬૬૫૬૫૯૧૧૮, ૬૬૩૯૬૫૭૬૧ | રૂા.૧૪,૭૭,૨૫૬/- અને રૂા.૮૦,૪૧૫/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ* | ૨૭ જાન્યુ., ૨૦૨૬ | ૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક | ફ્લેટ - ૧૦૨, પહેલો માળ, મધુકુંજ રેસિડેન્સી - એ, સ. નં. ૧૬૯૮, ૧૬૬૨, સુંદરવન સોસાયટી, આકરા મારૂતિ તળાવ સામે, સુંદરવનથી પહેલું ડાબુ વળાંક, ઉંબરગાંવ, વલસાડ - ૩૯૬૧૭૦. |
| ૩ | શ્રી વીરીઆહ કનગરાજ (બોરોઅર) ૨૧૧૭૫૫ - ૬૨૫૫૯૮૧૬૯ | રૂા. ૩,૧૬,૫૪૨/- ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ* | ૨ ફેબ્રુ., ૨૦૨૬ | ૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક | ફ્લેટ - ૦૫, ગ્રાઉન્ડ ફ્લોર, મીડટાઉન વીંગ - ડી, સ. નં. ૫૯/૩ - એ, ૫૯/૧, ૬૧/૪, બેંક ઓફ બરોડાની સામે, સોમનાથ જંકશન, ગામ - ડાભેલ, નાની દમણ - ૩૯૬૨૧૦. |
| ૪ | શ્રી પ્રભાત કુમાર (બોરોઅર) શ્રીમતી પુજા દેવી (કો-બોરોઅર) ૨૧૧૪૮૪ - ૬૪૯૭૧૯૩૨૬, ૬૪૯૧૯૮૯૬૯ | રૂા.૯,૧૯,૪૧૮/- ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ* | ૨૭ જાન્યુ., ૨૦૨૬ | ૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક | ફ્લેટ - ૧૦૫, પહેલો માળ, ફોર્ચ્યુન - ડીપી - નેનો - ૨ - I, સ. નં. ૩૦૫/૨, ૩૦૬/૧, ૩૦૬/૨, ક્રિશી (એગ્રીકલ્ચર) ફાર્મની સામે, વાપી - કાચીગામ રોડ, દમણ - ૩૯૬૨૧૦. |
| ૫ | શ્રી દેવેનભાઇ રામુભાઇ પટેલ (બોરોઅર) શ્રીમતી ટ્વીંકલ પ્રવીણભાઇ પટેલ (કો-બોરોઅર) ૨૧૦૯૨૫ - ૬૩૬૨૧૩૫૨૧, ૬૩૫૧૮૯૯૧૭ | રૂા.૧૨,૪૨,૫૭૦/- અને રૂા.૦/- અનુક્રમે ૩૧ ડિસે., ૨૦૨૫ ના રોજ* | ૨૧ જાન્યુ., ૨૦૨૬ | ૨૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલીક | ફ્લેટ - ૩૦૩, ત્રીજો માળ, શિવ રેસિડેન્સી, સ. નં. સીએસ ૭૯૩/૨, સ. નં. ૯૦/એ/૧/૨, એસ.ટી. વર્કશોપથી તાડકેશ્વર મંદિરની સામે, સેન્ટર પોઇન્ટ પાસે, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ - ૩૯૬૦૦૧. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/ જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/ કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી, મુંબઈના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ-૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/ સિક્યોર્ડ એસેટનો કબજો મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/ કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/ સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ)/ કાયદેસરના વારસ (દારો), કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ(૮) ની જોગવાઈ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયામત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ)/ કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ને વિનંતી છે કે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

**તારીખ : ૨૯-૦૪-૨૦૨૬**
**સ્થળ : સુરત**

**વતી, એચડીએફસી બેન્ક લિ.,**
**સહી/-**
**અધિકૃત અધિકારી**

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩. CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com